Upload National Evening News 04-09-2024 at 7.50-8.00pm -1

# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 4-9-2024 Evening : 7.50 to 8.00

Day : Wednesday National News

આકાશવાણી સમાચાર **અનિલ પટેલ** વાંચે છે.

*****************************************************************************

- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી બ્રુનેઇની સફળ મુલાકાત પૂર્ણ કર્યા બાદ સિંગાપોર પહોંચ્યા
- કર્મચારી પેન્શન યોજના-EPSના પેન્શનધારકો 1 જાન્યુઆરી, 2025થી દેશની કોઇ પણ બેન્કમાંથી પેન્શન મેળવી શકશે.
- રાષ્ટ્રપતિ આવતી કાલે નવી દિલ્હીમાં ગુજરાતના બે સહીત 50 શિક્ષકોને રાષ્ટ્રીય શિક્ષક પુરસ્કારથી સન્માનિત કરશે
- કેન્દ્ર સરકાર, ત્રિપુરા સરકાર, NLFT અને ATTF ના પ્રતિનિધીઓ વચ્ચે સમજૂતિ પત્ર પર હસ્તાક્ષર
- અમેરિકાના ટેક્સાસમાં ગમખ્વાર અકસ્માતમાં એક મહિલા સહિત ચાર ભારતીયોનાં મૃત્યુ
- પેરિસ પેરાલિમ્પિક્સમાં ભારતના શોટ પુટ થ્રોઅર સચીન સરજેરાવ ખિલારીએ રજત ચંદ્રક મેળવ્યો: આ સાથે અત્યાર સુધી ભારતને કુલ 21 ચંદ્રક મળ્યા

****************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## EVE PM- BRUNEI SINGAPORE VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી બ્રુનેઇની સફળ મુલાકાત પૂર્ણ કર્યા બાદ આજે વિદેશ પ્રવાસના બીજા તબક્કામાં સિંગાપોરના લાયન સિટી પહોંચ્યા હતા. સિંગાપોરના ગૃહ અને કાયદા મંત્રી કે ષણમુગમે તેમનું સ્વાગત કર્યું હતું. હોટલ ખાતે ભારતીય સમુદાયનાં લોકોએ તેમનું ભાવભીનું સ્વાગત કર્યું હતું. આજે સાંજે સિંગાપોરના પ્રધાનમંત્રી લોરેન્સ વોંગે તેમના સત્તાવાર નિવાસસ્થાન શ્રી ટેમાસેક બંગલો ખાતે શ્રી મોદીનાં માનમાં પ્રાઇવેટ ડિનર યોજયું હતું.

આવતી કાલે બંને નેતાઓ ભારત-સિંગાપોર વ્યૂહાત્મક ભાગીદારીની પ્રગતિની સમીક્ષા કરશે તેમજ પરસ્પર હિતો સાથે સંકળાયેલા પ્રાદેશિક અને વૈશ્વિક મુદ્દાઓ અંગે પોતાનાં અભિપ્રાયોની આપલે કરશે. શ્રી મોદી સિંગાપોરના રાષ્ટ્રપતિ અને સિંગાપોરની કંપનીઓના સીઇઓને પણ મળશે.

અગાઉ, આજે ભારત અને બ્રુનેઇએ ટેલિમેટ્રી, ટ્રેકિંગ તથા સેટેલાઇટ અને લોંચ વ્હિકલ્સ માટે ટેલિકમાન્ડ સ્ટેશનની કામગીરીમાં સહકાર સમજૂતિ પર હસ્તાક્ષર કર્યા હતા.

બંને દેશો બંદર સેરી બેગવાન અને ચેન્નાઇ વચ્ચે સીધી ફ્લાઇટ શરૂ કરવા સંમત થયા હતા. શ્રી મોદીએ જણાવ્યું કે, ભારત વિકાસવાદને ટેકો આપે છે, વિસ્તારવાદને નહીં.

## SINGAPORE-INVESTMENT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સિંગાપોરની મુલાકાતે છે ત્યારે સિંગાપોરનાં અગ્રણી ઉદ્યોગ જૂથે ભારતમાં મોટાં રોકાણની જાહેરાત કરી છે. કંપની આગામી ચાર વર્ષમાં 90 હજાર 280 કરોડ રૂપિયાનું રોકાણ કરશે. સોશિયલ મિડીયા પોસ્ટમાં ભારતમાં સિંગાપોરના હાઇ કમિશનર સિમોન વોંગે જણાવ્યું કે, એશિયાનાં સૌથી મોટા વૈવિધ્યીકૃત રિયલ એસ્ટેટ ગ્રૂપ કેપિટાલેન્ડે ભારતમાં તેના સંચાલન હેઠળનાં ભંડોળને બમણું કરવાની યોજના બનાવી છે.

## CPPS-PENSION

કર્મચારી પેન્શન યોજના-EPSના પેન્શનધારકો 1 જાન્યુઆરી, 2025થી દેશની કોઇ પણ બેન્કમાંથી પેન્શન મેળવી શકશે. આનાથી કર્મચારી ભવિષ્ય નિધી-ઇપીએફઓના 78 લાખથી વધુ પેન્શનધારકોને લાભ થશે.

કેન્દ્રીય શ્રમ અને રોજગાર મંત્રી ડોક્ટર મનસુખ માંડવિયાએ જણાવ્યું કે, કેન્દ્રીયકૃત પેન્શન ચૂકવણી વ્યવસ્થાને મંજૂરી એ ઇપીએફઓનાં આધુનિકીકરણમાં મહત્વનું સીમાચિહ્ન છે.

તેમણે જણાવ્યું કે, દેશની કોઇ પણ બેન્ક શાખામાંથી પેન્શનની ચૂકવણીથી પેન્શનધારકોની વર્ષો જૂની સમસ્યાનો અંત આવશે. પેન્શનધારકે પેન્શન શરૂ થતા સમયે વેરિફિકેશન માટે બેન્કની શાખા પર જવાની જરૂર નથી અને તાત્કાલિક ખાતામાં પેન્શન જમા થઈ શકે.

## VISHWASHANTI BUDDHA VIHARA

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ આજે મહારાષ્ટ્રના લાતૂરમાં આવેલ ઉદગીરમાં વિશ્વશાંતિ બુધ્ધ વિહારનું ઉદઘાટન કર્યું હતું.

રાષ્ટ્રપતિએ વિહાર સ્થિત ગૌતમ બુધ્ધની પ્રતિમાનુ લોકાર્પણ કરીને ડોકટર બાબા સાહેબ આંબેડકને પુષ્પાંજલી અર્પણ કરી હતી..આ સમારંભનો આરંભ બુધ્ધ પ્રણાલી અનુસારની પ્રાર્થના સાથે થયો હતો.

કર્ણાટકના કાલબુર્ગીમાં આવેલ વિહારની આ ઉદગીર વિહાર પ્રતિકૃતિ છે.

## PREZ - TEACHERS

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આવતીકાલે નવી દિલ્હીમાં ગુજરાતના બે સહીત 50 શિક્ષકોને રાષ્ટ્રીય શિક્ષક પુરસ્કાર 2024 એનાયત કરશે. કેન્દ્રીય શિક્ષણ મંત્રાલયે જણાવ્યું હતું કે રાષ્ટ્રીય શિક્ષક પુરસ્કારનો હેતુ દેશના કેટલાક શ્રેષ્ઠ શિક્ષકોના અનન્ય યોગદાનને સંન્માનિત કરવાનો છે. એવોર્ડ માટે એવા શિક્ષકો પસંદ થયા છે જેમણે

માત્ર શાળા શિક્ષણની ગુણવત્તામાં સુધારો કર્યો નથી પરંતુ વિદ્યાર્થીઓના જીવનને પણ સમૃદ્ધ બનાવ્યું છે. આ ઉપરાંત ઉચ્ચ શિક્ષણ વિભાગના 16 શિક્ષકો અને કૌશલ્ય વિકાસ અને સાહસિકતા મંત્રાલયના 16 શિક્ષકોને પણ પુરસ્કાર આપવામાં આવશે. દરેક એવોર્ડમાં પ્રમાણપત્ર, 50 હજાર રૂપિયાનો રોકડ પુરસ્કાર અને રજત ચંદ્રક આપવામાં આવે છે.

## HOME MINISTRY - TRIPURA

આજે નવી દિલ્હીમાં કેન્દ્ર સરકાર, ત્રિપુરા સરકાર અને નેશનલ લિબરેશન ફ્રન્ટ ઓફ ત્રિપુરા- NLFT અને ઓલ ત્રિપુરા ટાઇગર ફોર્સ-, ATTF ના પ્રતિનિધીઓ વચ્ચે સમજૂતિ પત્ર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ, ત્રિપુરાના મુખ્યમંત્રી માણિક સાહા ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે ગૃહ મંત્રીએ જણાવ્યું કે, એ આનંદની વાત છે કે NLFT અને ATTF એ શસ્ત્રો ત્યજીને મુખ્યધારામાં જોડાયા છે. તેમણે જણાવ્યું કે, અગાઉ ઉત્તર પૂર્વનાં લોકો અને દિલ્હી વચ્ચે અંતર હતું, પણ પ્રધાનમંત્રીએ રોડ, રેલ અને એર કનેક્ટિવિટી દ્વારા આ અંતર નાબૂદ કરી દીધું છે. ઉલ્લેખનીય છે કે કેન્દ્ર સરકારે ઉત્તર પૂર્વનાં રાજ્યોમાં શાંતિ અને સમૃધ્ધિ માટે 12 મહત્વની સમજૂતિઓ કરી છે.

# MID BREAK NEWS NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ રાષ્ટ્રીય સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરી શકો છો.

## ARJUN RAM MEGHWAL LAUNCHES NOTARY PORTAL

કેન્દ્રીય કાયદો અને ન્યાય મંત્રી અર્જુનરામ મેઘવાલે નવી દિલ્હીમાં નોટરી પોર્ટલ લોંચ કર્યું હતું. આ પ્રસંગે શ્રી મેઘવાલે આ વિશેષ નોટરી પોર્ટલને પેપરલેસ,

ફેસલેસ, કાર્યક્ષમ સિસ્ટમ તથા ડિજિટલ ઇન્ડિયાનાં લક્ષ્યની દિશામાં મહત્વનું પગલું ગણાવ્યું હતું. આ પોર્ટલ લોંચ થવાથી કેન્દ્રીય નોટરીઓએ ફિઝિકલ મોડમાં અરજીઓ અને વિનંતીઓ આપવાની જરૂર નહીં પડે.

## US ACCIDENT

અમેરિકાના ટેક્સાસમાં પાંચ વાહનોને સાંકળતા ગમખ્વાર અકસ્માતમાં એક મહિલા સહિત ચાર ભારતીયોનાં મૃત્યુ થયા હતા. લેબર ડે વીક-એન્ડ દરમિયાન તેઓ આર્કાન્સાસમાં કાર પુલિંગ દ્વારા બેન્ટોવિલે જઈ રહ્યા હતા ત્યારે આ ઘટના બની હતી. અકસ્માતને પગલે એસયુવીમાં આગ લાગતા પ્રવાસીઓ ઘટના સ્થળે જ મૃત્યુ પામ્યા હતા. મૃતકો હૈદરાબાદ અને તામિલનાડુના હતા.

## GURU GRANTH

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ શ્રી ગુરુ ગ્રંથ સાહિબનાં પ્રકાશ પર્વ પ્રસંગે દેશવાસીઓને શુભેચ્છાઓ પાઠવી છે. સોશિયલ મિડિયા પોસ્ટમાં શ્રી મોદીએ જણાવ્યું કે, શ્રી ગુરુ ગ્રંથ સાહિબ વિશ્વભરમાં લાખો લોકોને બીજાઓની સેવા કરવા માટે પ્રેરણા આપે છે. તેમણે જણાવ્યું કે, ગુરુ ગ્રંથ સાહિબ સમાજમાં ભાઇચારો અને સદભાવની ભાવનાને પણ પ્રોત્સાહન આપે છે. તેમણે આશા વ્યક્ત કરી કે શ્રી ગુરુ ગ્રંથ સાહિબનો બોધ વિશ્વને વધુ સારું બનાવવાનાં પ્રયત્નોમાં લોકોને માર્ગદર્શન આપતું રહેશે.

## PARIS PARALYMPICS

પેરિસ પેરાલિમ્પિક્સમાં ભારતના શોટ પુટ થ્રોઅર સચીન સરજેરાવ ખિલારીએ 16.32 મીટરનાં થ્રો સાથે રજત ચંદ્રક મેળવ્યો હતો. આ સાથે ભારતને પેરાલિમ્પક્સમાં કુલ 21 ચંદ્રક મેળવ્યા છે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સચિન ખિલારીને ચંદ્રક મેળવવા બદલ અભિનંદન પાઠવ્યા છે. પેરા ટેબલ ટેનિસનાં ક્વાર્ટર ફાઇનલ રાઉન્ડમાં ગુજરાતનાં ભાવિના પટેલ ચીનનાં ખેલાડી સામે હારી ગયા હતા.

મહિલા શોટ પુટમાં અમિશા રાવત 15મા ક્રમે આવ્યા હતા.

દરમિયાન, ભારતની પેરા-બેડમિન્ટન ટીમ આજે પેરિસ ઓલિમ્પિકમાં એક સુવર્ણચંદ્રક, બે રજત ચંદ્રક અને બે કાંસ્ય ચંદ્રક મેળવીને ભારત પરત ફરી હતી. નવી દિલ્હી વિમાન મથક ખાતે તેમનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું.

બાદમાં રમતગમત મંત્રી ડોક્ટર મનસુખ માંડવિયા આ ખેલાડીઓને મળ્યા હતા અને તેમની સિદ્ધિની પ્રશંસા કરી હતી.

## TAIPEI OPEN BADMINTON

ભારતના સતિષ કુમાર કરુણાકરન અને સંકર સુબ્રમણિયન તાઇપેઇ ઓપન બેડમિન્ટન ટુર્નામેન્ટની પુરુષોની સિંગલ્સ ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશ્યા છે. કરૂણાકરને થાઇલેન્ડના કેન્ટાફોન વાંગચેરોઇનને અને સુબ્રમણિયને ફિનલેન્ડના ખેલાડી જોઆકીમ ઓલ્ડોર્ફને હરાવ્યા હતા.

દરમિયાન, વિમેન્સ સિંગલ્સમાં ભારતની ત્રણ ખેલાડીઓ ક્વાર્ટર ફાઇનલમાં હારી ગઈ હતી.

## GREEN HYDROGEN

નવી દિલ્હીમાં 11થી 13 સપ્ટેમ્બર દરમિયાન ગ્રીન-હાઇડ્રોજન પર આંતરરાષ્ટ્રીય પરિષદની બીજી આવૃત્તિ યોજાશે. નવી અને પુનઃપ્રાપ્ય ઊર્જા મંત્રી પ્રહલાદ જોષીએ આજે આ જાહેરાત કરી હતી.

શ્રી જોષીએ ભારત અને અન્ય વિકસિત દેશોને સ્વચ્છ અને હરિયાળી ઊર્જા તરફ દોરવામાં ગ્રીન-હાઇડ્રોજનની ભૂમિકા નિર્ણાયક હોવાનું જણાવ્યું હતું.

શ્રી જોષીએ ઉંમેર્યું કે આ ત્રણ દિવસના કાર્યક્રમનો ઉદ્દેશ્ય ગ્રીન-હાઈડ્રોજન અંગે આપણી સમજને વધુ ઊંડી બનાવવાનો અને વૈશ્વિક વૈજ્ઞાનિક સમુદાયો અને ઉદ્યોગો સાથે જોડાણને પ્રોત્સાહન આપવાનો છે.

## PIB - FACT CHECK

પ્રેસ ઇન્ફોર્મેશન બ્યુરો-પીઆઇબીના ફેક્ટ ચેક યુનિટે લોકો પાસેથી એગ્રીમેન્ટ ફીનાં નામે અઢી હજાર રૂપિયાની માગણી દ્વારા મોબાઇલ ટાવર ઇન્સ્ટોલેશન છેતરપિંડી સામે ચેતવણી આપી છે. ફેક્ટ ચેક યુનિટે જણાવ્યું છે કે, બનાવટી નોટિસમાં દાવો કરવામાં આવ્યો છે કે ફી ચૂકવ્યા બાદ ગ્રાહકનાં સ્થળ ખાતે મોબાઇલ ટાવર સ્થાપવા માટે ટેલિકોમ વિભાગ દ્વારા નો ઓબ્જેક્શન સર્ટિફિકેટ આપવામાં આવશે. પીઆઇબીનાં યુનિટે જણાવ્યું છે કે આવી કોઇ નોટિસ જારી કરવામાં આવી નથી. ટેલિકોમ વિભાગ મોબાઇલ ટાવર સ્થાપવા સીધી કે આડકતરી રીતે કોઈ ફી વસુલતું નથી.

## RAIN

હવામાન વિભાગે આગામી સાત દિવસ માટે ગુજરાત, પૂર્વ રાજસ્થાન, કોંકણ, ગોવા, મેઘાલય, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ, ત્રિપુરામાં ભારે વરસાદની આગાહી કરી છે.  હવામાન વિભાગે સપ્તાહ દરમિયાન પશ્ચિમ, મધ્ય અને ઉત્તર-પૂર્વ ભારત, તટીય કર્ણાટક, કેરળ, માહે, લક્ષદ્વીપ, પશ્ચિમ બંગાળના કેટલાંક ભાગો અને સિક્કિમમાં વ્યાપક હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરી છે.

દરમિયાન, નાગાલેન્ડમાં નેશનલ હાઇવે 29 પર ભુસ્ખલનને પગલે ઓછામાં ઓછાં છ લોકોનાં મૃત્યુ થયા હતા.